જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૩/૨૦૧૭ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-     સમાચાર યાદી નં.૬૦૭/૧૭

### "અમદાવાદ શહેરમાં પોલીસ તરીકે ખોટી ઓળખ આપી નાગરીકોને ડરાવી ખોટી રીતે પુરી દેવાની ધમકી આપી તેઓ પાસેથી રોકડા પૈસા લુંટી લેનાર ઈસમોને પક્ડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ"

અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધી બનતા ગુન્હાઓ શોધી કાઢવા સારુ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાજદીપસિંહ ઝાલા સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ સબ ઈન્સપેક્ટર બી.એચ.કોરોટ તથા પોલીસ સબ ઈન્સપેક્ટર કે.ડી.જાડેજા નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે અમદાવાદશહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પામ હોટલ પાસે એસ.પી.રીંગ રોડ સર્કલ નજીકથી બાતમી હકીકત આધારે **(૧) નરેશભાઈ S/O અમરતભાઈ જાતે પરમાર ઉ.વ.૩૨** રહે. એફ-૧, ગંગા એપાર્ટમેન્ટ, જી.ડી. હાઈસ્કુલ સામે સૈજપુર નરોડા અમદાવાદ શહેર **(૨) જીતેન્દ્ર S/O કાંતીલાલ જાતે ભ્રહ્મભટ ઉ.વ.૪૨** રહે. ૫૦, નંદનવન સોસાયટી ગેરતપુર રેલ્વે સ્ટેશનની બાજુમાં, તા.દશક્રોઈ જી. અમદાવાદ નાઓને એક ઈન્ડીકા ગાડી નં.GJ-09-BB-4172 સાથે પકડી પાડેલ અને તેઓની અંગજડતીમાંથી રોકડા રૂ.૧૨૫૦/- તથા મોબાઈલ ફોન કબજે કરવામાં આવેલ છે અને ઉપરોક્ત આરોપી નં.૧ નરેશ પરમાર પાસેથી ભારત મેટ્રો પ્રેસ નુ આઇકાર્ડ તથા એક ગુજરાત કોગ્રેસ સમિતીનુ હેલ્થ એન્ડ હોસ્પિટલ કમિટીનુ આઇકાર્ડકબજે કરવામાં આવેલ છે અને જે આરોપીઓની સઘન પુછપરછ કરતા તેઓએ તા.૨૨/૦૩/૨૦૧૭ ના રાત્રીના આશરે અગીયાર સાડા અગીયાર વાગ્યાના અસરામાં તેઓ પાસેની ઇન્ડીકા ગાડી નં.GJ-9-AG-508 ની લઇ સરણીયા વાસના નાકે એક મોટર સાયકલ ચાલકને રોકી બંન્ને જણાએ પોતાની ઓળખ ડી સ્ટાફ પોલીસ તરીકેની આપી તેની પાસેથી મોટર સાયકલના કાગળ તથા લાયસન્સ માગી તેની પાસે થી બળજબરી થી રૂ.૬૦૦/- તેમજ આર.સી. બુક લઇ લીધેલ. અને તેની સાથે ગાળા ગાળી કરી, ત્યાંથી નીકળી ગયેલઉપરોક્ત આરોપીઓ માથી નં.૧ નરેશ પરમાર અગાઉ ડુપ્લીકેટ પોલીસના ગુન્હામાં નરોડા પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ છે અને તેનો સાગરીત નં.૨ જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ (બારોટ)નાઓ ડુપ્લીકેટ પોલીસ ના ગુન્હામાં રામોલ પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ છે.જે આરોપીઓ વધુ તપાસ અર્થે સરદારનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૮૨/૧૭ ઈ.પી.કો,૩૯૨,૧૭૦, વિગેરે મુજબના ગુન્હાના કામે સોંપેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘાટલોડીયા પોલીસ સ્ટેશનઃ</u>**

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજરોજ તા.૨૪/૩/૧૭ નારોજ સુરક્ષા સેતુ રથનું આયોજન કરી ઘાટલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ શાળાના બાળકોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.









**<u>ઓઢવ પોલીસ સ્ટેશનઃ</u>**

**<u>નાસતા ફરતાં આરોપીને પકડવા બાબત ઓઢવ પોલીસ સ્ટેશન</u>**

ઉપરી અધિકારીશ્રીઓની સુચના મુજબ નાસતા ફરતા પેરોલ ફરારી આરોપીઓ સબંધે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નીચે મુજબની સારી કામગીરી કરવામાં આવેલ છે

ઓઢવ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.ન ૫૨૪૬/૧૫ ધી પ્રોહી કલમ ૬૬(૧),(બી),૬૫(ઈ),૮૧,૧૧૬(બી) મુજબના કામના નાસતા ફરતા આરોપી સાહરસીહ ઉર્ફે સાગર સ/ઓ સુજાજી ઠાકોર ઉ.વ ૩૮ રહે ગામ વઘાસર (અમરાપુરા) તાલુકો સરસ્વતી જીલ્લો પાટણ નાઓ બાબતે અ.હેડ.કોન્સ ભરતસિહ સરદારસિહ બ.ન ૮૩૪૫ તથા લો.ર શક્તિસિહ ગજાભાઈ બ.ન ૩૪૬ નાઓએ અવાર નવાર સદરી આરોપીની તપાસ તજવીજ કરતા આ કામે નાસતો ફરતો ઉપરોકત આરોપી ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે રજુ થતા આજરોજ તા.૨૩/૦૩/૨૦૧૭ કલાક ૨૧/૦૦ વાગે પકડી અટક કરવામા આવેલ છે અને સારી કામગીરી કરેલ છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)